આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **23-05-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## લોકસભા ચૂંટણી-છઠ્ઠા તબક્કા

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 58 બેઠકો માટે 25 મેએ મતદાન થશે. જેમાં બિહારની 8, હરિયાણાની 10, જમ્મૂ કાશ્મીરની 1, ઝારખંડની 4, દિલ્હીની 7, ઓડિશાની 6, ઉત્તરપ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો માટે 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

**RNU** અમદાવાદ

---

## ઘુડખર વસ્તી ગણતરી

ઘુડખર અભયારણ્યમાં ગઇકાલે બે દિવસીય ઘુડખર વસ્તી ગણતરી સંપન્ન થઇ હતી, અંગ દઝાડતી ગરમીમાં ભુજના કાળાડુંગરથી

લઈને અમદાવાદ નજીક નળસરોવર અને બનાસકાંઠાથી મોરબીના છેવાડા સુધી રાજ્યના સુરેન્દ્રનગર, કચ્છ, મોરબી, બનાસકાંઠા અને પાટણ સહીત પાંચ જિલ્લાના વિસ્તારને આવરી લઇ કુલ 15,500 વર્ગ કિ.મી.માં ગણતરી યોજાઇ હતી. ઘુડખરની ગણતરી માટે ૩૬૨ ટીમ સાથે 18 નાયબ વન સંરક્ષકોએ ઝોન પ્રમાણે ગણતરી સંપન્ન કરી હતી.

**N.P.** વિરલ રાણા

---------------------------------------------------------------------

## ભીષણ ગરમી- રાજ્ય

રાજ્યમાં સતત પાંચમાં દિવસે ભીષણ ગરમીનું મોજું યથાવત રહ્યું છે. ગઇકાલે રાજ્યના 10 શહેરમાં 42થી 46 ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન નોંધાયું હતું. સૌથી વધુ 46.1 ડિગ્રી તાપમાન કંડલામાં નોંધાયું હતું, હવામાન વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં રેડ એલર્ટ અને અન્ય 14 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------

## કચ્છ ગરમી તકેદારી-સિવિલ સર્જન સૂચન

કચ્છ જિલ્લાના તમામ મથકો પર મહત્તમ તાપમાનનો પારો સતત ઉંચકાઇ રહ્યો છે ત્યારે અગનવર્ષાની જન આરોગ્ય પર સીધી અસર જોવા મળી રહી છે ત્યારે ભુજ જી.કે. જનરલ હોસ્પિટલના સિવિલ સર્જને

કચ્છવાસીઓને ખાસ કરીને સગર્ભા મહિલાઓ, બાળકો, વડીલો અને બિમાર દર્દીઓની ખાસ તકેદારી રાખવા સૂચનો કર્યા હતા. બપોરે 12 થી સાંજે 4 વાગ્યા દરમિયાન બહાર નીકળવાનું ટાળવું, સીધા સૂર્ય પ્રકાશથી બચવા ટોપી, છત્રીનો ઉપયોગ કરવા તેમજ રાહત મેળવવા માટે લિંબુ પાણી નારિયેળ અને પાણી પીવા જણાવ્યું હતું. જિલ્લાનું આરોગ્ય તંત્ર લોકોની સારવાર માટે સજ્જ છે. પ્રખર તાપથી તબિયત બગડે તો તરત નજીકના આરોગ્ય કેન્દ્ર પર સારવાર લેવા અનુરોધ કર્યો હતો.

**N.P.** વિરલ રાણા

-----------------------------------------------------------------------

## કચ્છી સર્જક સંવાદ-ભુજ

ભુજના મહારાઓશ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ખાતે ગુજરાતના જાણીતા કચ્છી સર્જક વીનેશ અંતાણી 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ આગામી તા.25 મેના શનિવારે સાંજે 5:30 વાગ્યે સંસ્થાના પુસ્તકાલયના સભાખંડમાં યોજાશે. જેનો લાભ લેવા શહેરીજનોને સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

જાગૃતિ વકીલ

-----------------------------------------------------------------------

## ભુજ અર્બહ હાટ : બેઠક

ભુજ શહેર મધ્યે આવેલ ભુજ અર્બન હાટના વ્યવસ્થાપનને સુદ્રઢ બનાવવા તથા કચ્છની વૈવિધ્યપૂર્ણ હસ્તકળામાં ભુજ હાટનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી વિવિધ કામોની સમીક્ષા બાબતે સંબંધિત અધિકારીઓ તથા એનજીઓના પ્રતિનિધિઓ સાથે કલેક્ટરે બેઠક યોજી જરૂરી માર્ગદર્શન અને સૂચનો કર્યા હતા.

**N.P. વિરલ રાણા**

---

## પ્રિ-મોન્સૂન કામગીરી સમીક્ષા : રાપર

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઇને રાપર તાલુકા મામલતદાર કચેરી ખાતેની એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના સભા ખંડમાં ભચાઉ પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને પ્રિ મોન્સૂન કામગીરીની સમીક્ષા અંગે બેઠક મળી હતી. બેઠકમાં કચેરીને લાગુ પડતી બાબતોની એક્શન પ્લાનની વિગતો તથા આપની કચેરી ખાતેના સરકારી વાહનોની માહિતી સહિતની ચર્ચા કરાઈ હતી.

**N.P. વિરલ રાણા**

---

## ભુજ સ્મૃતિવન-વીર બાળક સ્મારક સમીક્ષા બેઠક

ભુજ તથા અંજાર મધ્યે આવેલ સ્મૃતિવન મેમોરીયલ  અને વીર બાળક સ્મારકની સંબંધિત અધિકારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓ સાથે કચ્છ કલેક્ટર અમીત અરોરાએ સમીક્ષા બેઠક યોજી જરૂરી સૂચના આપી હતી.

**N.P. વિરલ રાણા**

---

## લક્કીનાળા- બીએસએફ વોટરકુલર અર્પણ

કચ્છની સરહદે નિર્જન ટાપુ પર લક્કીનાળા ખાતે તૈનાત સીમા સુરક્ષા દળના જવાનો માટે ઠંડા પાણીની સુવીધા માટે કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ દ્વારા દાતાના સહયોગથી વોટરકુલર અર્પણ કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, આરોગ્ય, પર્યાવરણ, સીમા સુરક્ષા અને દિવ્યાંગ સેવા ક્ષેત્ર કાર્યરત કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ દ્વારા છેવાડાના વિસ્તારોના લાભાર્થી સુધી પહોંચીને દાતાઓના માધ્યમથી અનેક સદકાર્યો કરવામાં આવી રહ્યા છે.

**N.P. વિરલ રાણા**

---

## બુદ્ધ પૂર્ણિમા-સાળંગપુર ઉજવણી

રાજ્યભરમાં આજે બુધ્ધ પૂર્ણિમાની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. દરમિયાન સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુર ધામમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે પૂનમ નિમિત્તે સવારે સાડા પાંચ વાગ્યે મંગળા અને સાત વાગ્યે શણગાર આરતી કરવામા આવી હતી. આ પ્રસંગે દાદાને દિવ્ય વાઘાનો શણગાર તેમજ દાદાના સિંહાસનને રંગબેરંગી ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.

**N.P. વિરલ રાણા**

---